Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-3, December-2019
Impact Factor:4.081
www.researchguru.net

# ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા અને શૈક્ષણિક સિદ્ધિનો સંબંધ

**મોહન આર. વાજા**

પીએચ. ડી. રિસર્ચ સ્કોલર, શિક્ષણ વિદ્યાશાખા(IASE), ગૂજરાત વિદ્યાપીઠ, મો. 8200481996, ઈ-મેઈલ:

mohanvaja@gmail.com

***સારાંશ***

*શિક્ષણની પ્રક્રિયામાં શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા એક મહત્ત્વપૂર્ણ સંકલ્પના છે. જો વિદ્યાર્થીઓને શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા માટે પ્રેરવામાં આવે તો શિક્ષણના વિસ્તરણની સાથે તેની ગુણવત્તામાં પણ હકારાત્મક પરિણામો પ્રાપ્ત થઈ છે. વળી, શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણાની સાથે અભિન્ન રીતે શૈક્ષણિક સિદ્ધિ સંકળાયેલ છે. વિદ્યાર્થીએ સમગ્ર વર્ષ દરમિયાન મેળવેલા વિષયવસ્તુના જ્ઞાન સાથે શૈક્ષણિક સિદ્ધિ સંકળાયેલી છે. આજના પ્રવર્તમાન મસયમાં શૈક્ષણિક સિદ્ધિ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. પ્રસ્તુત અભ્યાસમાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિપ્રેરણાનો તેમની શૈક્ષણિક સિદ્ધિ સાથે શો સંબંધ છે તેમજ શાળા પ્રકાર અને કુટુંબ પ્રકારના સંદર્ભમાં તેમની શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા પરની અસર તપાસવા માટે પ્રસ્તુત અભ્યાસ હાથ ધરાયો હતો. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા તપાસવા માટે જોગસણ (2005) રચિત શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા કસોટીમાં કુલ 38 વિધાનોનો સમાવેશ થયો હતો. જેમાં હકારાત્મક અને નકારાત્મક એમ બંને પ્રકારના વિધાનો સમાવિષ્ટ હતા. પ્રસ્તુત અભ્યાસ માટે ગીર સોમનાથ જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં કુલ 325 વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે યાદૃચ્છિક રીતે પસંદ કરવામાં આવ્યા હતા.*

***ચાવીરૂપ શબ્દો:** શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા, શૈક્ષણિક સિદ્ધિ, સહસંબંધ*

## પ્રસ્તાવના

સામાજિક ઘડતર તેમજ સામાજિક નવનિર્માણના કાર્યમાં શિક્ષણ એ અગત્યનું પરિબળ માનવામાં આવે છે. તેમાં વળી શિક્ષણ ક્ષેત્રે નવા વિચારો અને તેની અજમાયશોના યુગની શરૂઆત થઈ ચૂકી છે. તેમાં પણ વર્તમાન સમયમાં શિક્ષણના મોટા ભાગના કાર્યો ઈંટરનેટના માધ્યમથી થઈ રહ્યા છે. તેમાં વિદ્યાર્થી શિક્ષકોની હાજરીથી માંડીને વહીવટી કામોનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત વર્ગ શિક્ષણમાં પણ અનેક અજમાયશો થતી રહી છે જેવી કે અભિક્રમિત અધ્યયન, વર્ગ વ્યવહાર પૃથક્કરણ, શિક્ષણ પ્રતિમાન, માઈક્રોટીચિંગ અને શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા જેવા ખ્યાલો વિકસી રહ્યા છે. તે પૈકીનું એક પરિબળ એટલે કે શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણાનો વિચાર પ્રવર્તમાન સમયમાં વિશેષ ધ્યાન ખેંચે છે.

કોઠારી કમિશન રિપોર્ટ (1964) માં જણાવ્યુ છે કે "ભારતનું ભાવિ તેના વર્ગખંડોમાં ઘડાઈ રહ્યું છે. આમ, શિક્ષણ દ્વારા જ ભારતનું ભાવિ ઘડી શકાશે. વર્તમાન સમયમાં ગરીબી, બેકારી અને વિકાસ માટેની મર્યાદિત તકોના પ્રશ્નો આપણને સતાવે છે. વળી શિક્ષણ ક્ષેત્રે પણ અપવ્યય અને સ્થગિતતા જેવા વણઉકેલાયેલ પ્રશ્નો છે. આ બધા પ્રશ્નોના ઉકેલ લાવવા તેમજ સામાજિક પરિવર્તન અને નવનિર્માણ માટે શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા આપણને રસ્તો ચિંધે છે.

સિદ્ધિ પ્રેરણાનો વિચાર હાવર્ડ યુનિવર્સિટીના મેકલેલેન્ડ (1961) એ આપેલ છે. તેમણે મનુષ્યની સફળતાનું રહસ્ય શોધી કાઢવા માટે ચિંતન અને સંશોધનો કર્યા તેના ફળસ્વરૂપે મનુષ્યની સફળતા સાથે સંકળાયેલ આંતરિક ઘટક શોધી કાઢ્યું અને તે એટલે સિદ્ધિ પ્રેરણા. શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણાની જરૂરિયાત વ્યક્તિને મુખ્યત્વે કોઈપણ સફળતા પ્રાપ્તિ, કૌશલ્યમાં નિપૂણતા, નિયંત્રણ તથા ઊંચા ધારા-ધોરણોમાં છે. જેમાં વ્યક્તિની ઈચ્છાશક્તિને લાંબા સમય સુધી ટકાવી રાખવાની ક્ષમતા અને એક જ કાર્યને વારંવાર કરવાની ક્ષમતાનો સમાવેશ થાય છે. સિદ્ધિ માટેની ઝંખના કેટલાક આંતરિક પ્રેરકો અને સફળતા માટે કેટલાક બાહ્ય પ્રેરકો પર આધારિત છે. પ્રક્ષેપણ પ્રયુક્તિ દ્વારા મપાતી શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા વ્યક્તિને તેના કાર્યમાં સફળ થવા માટે પ્રેરણારૂપ બને છે, તેમજ તેને મહત્ત્વપૂર્ણ પ્રવૃતિઓ તરફ દોરે છે.

શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણાની જેમ જ શિક્ષણ પ્રક્રિયા સાથે સંકળાયેલ મહત્ત્વપૂર્ણ સંકલ્પના એટલે શૈક્ષણિક સિદ્ધિ. સરળ શબ્દોમાં કહીએ તો વિદ્યાર્થીઓને જે

શીખવવાનું નક્કી કર્યું હોય તેમાંથી તેઓ કેટલું શીખ્યા છે તે જાણવા માટે લેવામાં આવતી કસોટીને સિદ્ધિકસોટી કહે છે. સિદ્ધિકસોટી વાંચન, લેખન, અભિવ્યક્તિ, ગણન, પ્રયોગ, ક્રિયા વગેરે સ્વરૂપની હોય શકે છે. ટૂંકમાં "અમુક ચોક્કસ વિષયક કે વિષયજૂથમાં મેળવેલ જ્ઞાન, જ્ઞાનોપયોજન અને એમને માપવા માટે બતાવેલ કસોટીને શૈક્ષણિક સિદ્ધિકસોટી કહેવામાં આવે છે. પ્રાથમિક કક્ષાથી શરૂ કરીને વિદ્યાર્થીઓ ઉચ્ચતર માધ્યમિક કક્ષા સુધી અનેક વિષયોનું શિક્ષણ પ્રાપ્ત કરે છે. આ વિષય શિક્ષણ પ્રાપ્ત કરવાનો સ્પષ્ટ હેતુ જ્ઞાનાત્મક વૃદ્ધિનો છે. આ જ્ઞાનાત્મક વૃદ્ધિ એ વિદ્યાર્થીઓમાં કેટલી થઈ એ જાણવા વિદ્યાર્થીઓની સિદ્ધિનું માપન થાય છે.

C.V. Good (1945) ના મતે "શૈક્ષણિક સિદ્ધિ એટલે શાળામાં અર્જિત કરેલા જ્ઞાન અને વિકાસ પામેલા કૌશલ્ય છે જે પ્રાય: પરીક્ષામાં પ્રાપ્ત કરેલા માર્ક્સના રૂપમાં દર્શાવવામાં આવે છે. શૈક્ષણિક સિદ્ધિ શબ્દ મોટેભાગે જ્ઞાન પ્રાપ્તિ અને કૌશલ્યોનો વિકાસ કરવો એ સંદર્ભમાં પ્રયોજાય છે.".

વિદ્યાર્થીઓ શાળાઓમાં ઘણા બધા વિષયોનો અભ્યાસ કરે છે. આ અભ્યાસને આધારે માહિતીને સમજીને વિદ્યાર્થી જ્યારે તેનો વિવિધ પરિસ્થિતિમાં શાબ્દિક કે ક્રિયાત્મક વિનિયોગ કરી શકે ત્યારે તેણે જ્ઞાન મેળવ્યું ગણાય. વિષય અંગે જ્ઞાન મેળવવાના હેતુથી મન લગાડીને કામ કરવાની ક્રિયાને અભ્યાસ કહી શકાય. કોઇપણ વિષયવસ્તુનું જ્ઞાન બાળક પોતાના સમયને ખર્ચે સ્વ-પ્રયત્ન દ્વારા મનને એકાગ્ર કરીને એક દિશામાં કેન્દ્રિત કરી વિવિધ રીતે વિષયવસ્તુને મૂલવીને સ્મૃતિમાં ધારણ કરે તેને અભ્યાસ કહી શકાય.

આ ઉપરથી શૈક્ષણિક સિદ્ધિ શબ્દ મોટેભાગે જ્ઞાન પ્રાપ્તિ અને કૌશલ્યોનો વિકાસ કરવો એ સંદર્ભમાં પ્રયોજાય છે. અથવા તેમ કરવા માટેનું વલણ કેળવવું. શૈક્ષણિક સિદ્ધિ પરના પરિબળોની વિદ્યાર્થી પર અનુકૂળ અસર થતી હોય તો વિદ્યાર્થીઓની ક્ષમતા વધી શકે અને પ્રતિકૂળ અસર થતી હોય તો વિદ્યાર્થીની અભ્યાસ ક્ષમતા ઘટે છે. જેની અસર પ્રાપ્તાંકો પર પણ થાય છે. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભિત તેમની સ્વ-સંકલ્પના અને અધ્યયન અભિગમો અંગે વિદ્યાર્થીઓના વલણો અને સિદ્ધિ સાથે સંબંધ ધરાવે છે. આમ સ્વ-સંકલ્પના અને અધ્યયન અભિગમો પણ શૈક્ષણિક સિદ્ધિ માટે અસરકારક પરિબળ બની શકે છે.

**સમસ્યા પસંદગીના કારણો**

સંશોધનો દ્વારા જાણવા મળ્યું છે કે જે લોકોમાં શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા વધુ હોય છે તેવા લોકો ઘણા કાર્યો મહેનતથી વ્યવસ્થિત રીતે કરે છે. આવા લોકો ખૂબ જ ઝડપથી શીખી લે છે. પરંતુ ધન કે ઇનામ જેવી બાહ્ય બાબતો માટે નહિ પરંતુ પોતાના આત્મસંતોષ અને સ્વ-સ્પર્ધામાં આગળ નીકળવા માટે પ્રયત્ન કરે છે. એવી વ્યક્તિઓ પોતાની જિંદગીમાં વધુમાં વધુ ઉચ્ચ સ્તરની સફળતા પ્રાપ્ત કરવાની કોશિશ કરે છે. સિદ્ધિ પ્રત્યે પ્રેરિત હોય તો તે પોતાની અભ્યાસની બાબતમાં વધુ ગંભીરતાપૂર્વક પ્રયાસ કરે છે તેમજ લક્ષ્ય પ્રાપ્તિની બાબતમાં દૃઢતા દાખવે છે. આ સંદર્ભમાં ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ કેટલા ઉન્મુખ છે, તેના પર શાળા પ્રકાર અને કુટુંબ પ્રકારની શી અસર છે તેમજ શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે શો સંબંધ છે તે જાણવાના આશયથી પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

સંશોધક દ્વારા સિદ્ધિ પ્રેરણા સંબંધિત સાહિત્યનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. તેમાં શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા સંબંધિત સાહિત્યનો અભ્યાસ કરવામાં આવેલ. સિદ્ધિ પ્રેરણા વિશે થયેલા સંશોધન અભ્યાસોમાં સંશોધક દ્વારા ગજેરા (2005) ના સંશોધન અભ્યાસમાં શાળા પ્રકારની બાબતમાં સાર્થક તફાવત જોવા મળ્યો હતો જ્યારે કુટુંબ પ્રકારની બાબતમાં તફાવત જોવા મળ્યો હતો. વૈષ્ણવ (2011) ના સંશોધનમાં શાળા પ્રકાર અને કુટુંબ પ્રકારની બાબતમાં તફાવત જોવા મળ્યો ન હતો તેમજ સિદ્ધિ પ્રેરણા અને કાર્યસંતોષ વચ્ચે સહસંબંધ જોવા મળ્યો ન હતો. બેનરજી (2014) ના સંશોધનનો અભ્યાસ કરતાં માલૂમ પડ્યું કે વિદ્યાસહાયક શિક્ષકોમાં શાળા પ્રકાર અને કુટુંબ પ્રકારની બાબતમાં સાર્થક તફાવત નથી. આમ અગાઉ થયેલા સંશોધનોના અભ્યાસ પરથી વિદ્યાર્થીઓના શાળા પ્રકાર અને કુટુંબ પ્રકાર અને તેમની શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા પર શી અસર કરે છે તે વિષય ચોક્કસ માહિતી પ્રાપ્ત થતી નથી તેથી 'ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સિદ્ધિ પ્રેરણાનો તેમના શાળા પ્રકાર અને કુટુંબ પ્રકાર અને શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા અને શૈક્ષણિક

સિદ્ધિના સહસંબંધના સંદર્ભમાં અભ્યાસ' વિષય પર પ્રસ્તુત શોધ પ્રપત્ર હાથ ધરવામાં આવ્યું હતું.

સિદ્ધિ પ્રેરણાની સંકલ્પનાત્મક સ્પષ્ટતા અને વ્યવહારૂ વ્યાખ્યા

સિદ્ધિ પ્રેરણાનો નૂતન વિચાર આપનાર મેકલેલેન્ડ (1961) એ હાવર્ડ યુનિવર્સિટીમાં લગભગ 22 વર્ષ સુધી વિવિધ સંશોધનો કર્યા પછી વિશ્વ સમક્ષ મૂક્યો. આ અંગે ઈ.સ. 1956 થી 1962 સુધી મિશિગન યુનિવર્સિટીમાં ફોર્ડ ફાઉન્ડેશનની સહાયથી હાથ ધરાયેલા ગતિશીલ વ્યક્તિત્વના પ્રોજેકટમાં મેકલેલેન્ડ અને એટકીન્સન (1948) ના સિદ્ધિ પ્રેરણાના વિચારને ચકાસવામાં આવ્યો હતો. અહીં પ્રક્ષેપણ પ્રયુક્તિને સિદ્ધિપ્રેરણા શોધવામાં ઉપયોગ કરવાના પ્રયોગો ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. મન, ફર્નાલ્ડ અને ફર્નાલ્ડ (1972) ના મતે, "સિદ્ધિ પ્રેરણાનું તાત્પર્ય શ્રેષ્ઠતાનું ખાસ સ્તર પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય છે."

તેવી જ રીતે C.V. Good (1945) ના મતે "શૈક્ષણિક સિદ્ધિ એટલે શાળામાં અર્જિત કરેલા જ્ઞાન અને વિકાસ પામેલા કૌશલ્ય છે જે પ્રાયઃ પરીક્ષામાં પ્રાપ્ત કરેલા માર્ક્સના રૂપમાં દર્શાવવામાં આવે છે. શૈક્ષણિક સિદ્ધિ શબ્દ મોટેભાગે જ્ઞાન પ્રાપ્તિ અને કૌશલ્યોનો વિકાસ કરવો એ સંદર્ભમાં પ્રયોજાય છે.".

પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા જોગસણ (2005) દ્વારા ગુજરાતી રૂપાંતરિત શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા કસોટી પર પાત્રોએ આપેલ પ્રતિચારોને આધારે મેળવેલ કુલ પ્રાપ્તાંકો એટલે ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સિદ્ધિ પ્રેરણા. તેમજ શૈક્ષણિક સિદ્ધિ એટલે ધોરણ દસના પરીક્ષાના ગુણની ટકાવારીને શૈક્ષણિક સિદ્ધિ તરીકે સ્વીકારવામાં આવી. આમ, શૈક્ષણિક સિદ્ધિનો ખ્યાલ ફક્ત વિદ્યાર્થીઓએ મેળવેલ પ્રાપ્તાંકો ઉપર રહેલો છે તે પ્રાપ્તાંકો વધુ મેળવવા વિદ્યાર્થીઓએ પ્રયત્ન કરવા જ પડશે.

સંશોધનના ઉદ્દેશ્યો

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ મુજબ હતા-

1. ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા પર તેના શાળા પ્રકારની અસર તપાસવી.
2. ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા પર તેના કુટુંબ પ્રકારની અસર તપાસવી
3. ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેનો સંબંધ જાણવો.

**સંશોધન પદ્ધતિશાસ્ત્ર**

**પદ્ધતિઃ** પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વઃ** પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વ તરીકે ગીર સોમનાથ જિલ્લાના ગુજરાતી માધ્યમના ધોરણ 11 ના વિદ્યાર્થીઓ હતા.

**નમૂનાની પસંદગીઃ** પ્રસ્તુત સંશોધનમાં સ્તરીકૃત ઝૂમખાં નમૂના પદ્ધતિનો ઉપયોગ કરી યાદચ્છિક રીતે નમૂનો પસંદ કરવામાં આવ્યો હતો. સંશોધનના હેતુઓની પ્રાપ્તિ માટે અંતિમ સ્વરૂપમાં 6 શાળાઓના ધોરણ 11ના વિદ્યાર્થીઓને નમૂનામાં પસંદ કરવામાં આવ્યા હતા. નમૂના પસંદગીમાં સ્તરીકૃત ઝૂમખાં નમૂના પસંદગીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સૌપ્રથમ ગીર સોમનાથ જિલ્લાઓની શાળાઓને શહેરી અને ગ્રામીણ બે વિભાગોમાં વહેંચી તેમના સરકારી અને ખાનગી બે સ્તરો પાડવામં આવ્યા તે પછી તે વિભાગથી સંબંધિત શાળોઓની યાદી બનાવી તેમાથી યાદચ્છિક રીતે 3 શહેરી (1 સરકારી અને 2 ખાનગી) અને 3 ગ્રામીણ વિસ્તારની (2 સરકારી અને 1 ખાનગી) શાળાઓની પસંદગી કરી તેમાં અભ્યાસ કરતા બધા વિદ્યાર્થીઓની નિદર્શ તરીકે પસંદગી કરવામાં આવી.

**ઉપકરણઃ** પ્રસ્તુત સંશોધનમાં ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સિદ્ધિ પ્રેરણાનું સ્તર જાણવા માટે શર્મા (1984) રચિત અને જોગસણ (2005) દ્વારા ગુજરાતી રૂપાંતરિત સિદ્ધિ પ્રેરણા કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ઉપકરણમાં વિદ્યાર્થીઓને ઉત્તર આપવા માટે બે વિકલ્પો આપવામાં આવ્યા હતા. જેમાંથી એક વિકલ્પની પસંદગી કરવાની હતી. જો બોક્ષમાં Aમાં (√) ખરાની નિશાની કરવામાં આવી હોય તો 1, 3, 4, 6, 8, 10, 12, 13, 15, 16, 17, 18, 21, 25, 27, 31, 35, 36 અને 37 નંબરના વિધાનોને 1 ગુણ આપવામાં આવ્યો જ્યારે એવી જ રીતે જો બોક્ષ Bમાં (√) ખરાની નિશાની

કરવામાં આવેલ હોય તો અનુક્રમે 2, 5, 7, 9, 11, 14, 19, 20, 22, 23, 24, 26, 28, 29, 30, 32, 33, 34 અને 38 નંબરના વિધાનોને 1 ગુણ આપવામાં આવ્યો.

ઉપકરણની વિશ્વસનીયતા ત્રણ રીતે જોવામાં આવી હતી: (1) કસોટી પુનઃ કસોટી છોકરાઓ માટે N=298 જેમાં r=0.795 અને છોકરીઓ માટે N=301 જેમાં r=0.807 (2) દ્વિવિભાજન કસોટીએ N=100 અને r=0.697 તેમજ (3) Rational equivalenceમાં N=100 અને r11=0.75. પ્રમાણભૂતતા નક્કી કરવામાં માટે વિષયવસ્તુ, માનદંડ અને ઘટક પ્રમાણભૂતતા ઉપરાંત 40 તજ્જ્ઞોના મંતવ્યો પણ લેવામાં આવ્યા હતો.

**માહિતી એકત્રીકરણ**

સંશોધનના વ્યાપવિશ્વમાં ગીર સોમનાથ જિલ્લાની તમામ સરકારી અને ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને સ્તરીકૃત ઝૂમખાં નમૂના પદ્ધતિનો ઉપયોગ કરી યાદચ્છિક રીતે નિદર્શ પસંદ કરવામાં આવ્યો હતો.

માહિતી એકત્રીકરણ માટે નિદર્શમાં પસંદ થયેલ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યનો પ્રત્યક્ષ રીતે સંપર્ક કરી મંજૂરી મેળવવામાં આવી હતી. પૂર્વમંજૂરી અને નક્કી કરેલ દિવસ અને સમય અનુસાર સંશોધનકર્તા માહિતી મેળવવા માટે વર્ગમાં જઈને વિદ્યાર્થીઓની મુલાકાત કરી. સંશોધન સંબંધી પરિચયાત્મક ચર્ચા કરી કોઈપણ પ્રકારના દબાણ વગર મુક્ત રીતે સાચો પ્રતિચાર આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. પ્રતિચાર આપવા માટે કોઈ નિશ્ચિત સમયમર્યાદા રાખવામા આવી ન હતી પરંતુ બંને ઉપકરણોમાં પ્રતિચાર આપવા માટે 50 થી 60 મિનિટ જેટલો સમય લાગ્યો. ઉપકરણમાં માહિતી પૂર્ણ રીતે ભરાયા બાદ ઉપકરણોના સેટ વિદ્યાર્થીઓ પાસેથી પરત લેવામાં આવ્યા તથા વિદ્યાર્થીઓને સહયોગ આપવા બદલ આભાર માનવામાં આવ્યો હતો.

**પરિણામ**

ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા પર તેમના શાળા પ્રકારની અસર જાણવી તે અભ્યાસના હેતુઓમાંનો એક હતો. જેની વિગતે માહિતી નીચે મુજબ છે:

**શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા પર શાળા પ્રકારની અસર**

ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા પર તેમની શાળાના પ્રકારની શી અસર છે તે તપાસવા માટે ઉચ્ચતર માધ્યમિક શાળાના સરકારી અને ખાનગી શાળાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા કસોટી પર મળેલ સરાસરી પ્રાપ્તાંકો અને પ્રમાણ વિચલનની ગણતરી કરવામાં આવી તથા ટી-ગુણોતર વડે અંતરની સાર્થકતાની તપાસ કરવામાં આવી. આ તથ્યનું વિવરણ સારણી 1 માં આપવામાં આવ્યું છે.

**સારણી 1**

**ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સિદ્ધિ પ્રેરણા કસોટી પરના મળેલ પ્રાપ્તાંકોની શાળા પ્રકાર સંદર્ભે સરાસરી, પ્રમાણ વિચલન અને ટી ગુણોત્તર**

| શાળા પ્રકાર | પાત્રોની સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | ટી ગુણોત્તરનું મૂલ્ય | 0.05 સાર્થકતા કક્ષાએ |
|---|---|---|---|---|---|
| સરકારી | 157 | 27.08 | 3.506 | 4.45 | સાર્થક છે |
| ખાનગી | 168 | 28.90 | 3.842 | | |

સારણી 1 પરથી જાણી શકાય છે કે પ્રસ્તુત અભ્યાસમાં સરકારી અને ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના 325 વિદ્યાર્થીઓ નમૂનામાં સમાવિષ્ટ હતા. જેમાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના 157 અને ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના 168 વિદ્યાર્થીઓ હતા. સિદ્ધિ પ્રેરણા કસોટી પર સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના

વિદ્યાર્થીઓના પ્રાપ્તાંકોની સરાસરીનું મૂલ્ય અનુક્રમે 27.08 અને 28.90 જોવા મળ્યું હતું. સિદ્ધિ પ્રેરણા કસોટી પર ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના પ્રાપ્તાંકોના પ્રમાણ વિચલનનું મૂલ્ય અનુક્રમે 3.506 અને 3.842 જોવા મળ્યું હતું. સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ અને ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા કસોટી પર મેળવેલા સરેરાશાંકોના ટી-ગુણોત્તરનું મૂલ્ય 4.45 જોવા મળ્યું હતું. જે 0.05 કક્ષાએ સાર્થક છે. તેથી સ્પષ્ટ છે કે સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના અને ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સિદ્ધિ પ્રેરણા પર તેમના શાળા પ્રકારની અસર જોવા મળી હતી. આથી કહી શકાય કે, સરકારી માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ કરતાં ખાનગી શાળાના વિદ્યાર્થીઓ સિદ્ધિ પ્રેરણાની બાબતમાં ચડિયાતા જોવા મળ્યા હતા.

ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા પર તેમના કુટુંબ પ્રકારની અસર જાણવી તે અભ્યાસના હેતુઓમાંનો એક હતો. જેની વિગતે માહિતી નીચે મુજબ છે:

**શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા પર કુટુંબ પ્રકારની અસર**

ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા પર તેમની કુટુંબ પ્રકારની શી અસર છે તે માટે ઉચ્ચતર માધ્યમિક શાળાના સંયુક્ત અને મૂળ પરિવારના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા કસોટી પર મળેલ સરાસરી પ્રાપ્તાંકો અને પ્રમાણ વિચલનની ગણતરી કરવામાં આવી તથા ટી-ગુણોતર વડે અંતરની સાર્થકતાની તપાસ કરવામાં આવી. આ તથ્યનું વિવરણ સારણી 2 માં આપવામાં આવ્યું છે.

**સારણી 2**

**ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સિદ્ધિ પ્રેરણા કસોટી પરના મળેલ પ્રાપ્તાંકોની કુટુંબ પ્રકાર સંદર્ભે સરાસરી, પ્રમાણ વિચલન અને ટી ગુણોત્તર**

| કુટુંબ પ્રકાર | પાત્રોની સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | ટી ગુણોત્તરનું મૂલ્ય | 0.05 સાર્થકતા કક્ષાએ |
|---|---|---|---|---|---|
| સંયુક્ત | 157 | 27.88 | 3.691 | 0.66 | સાર્થક નથી |
| મૂળ પરિવાર | 168 | 28.16 | 3.885 | | |

સારણી 2 પરથી જાણી શકાય છે કે પ્રસ્તુત અભ્યાસમાં ઉચ્ચતર માધ્યમિક શાળાના 325 વિદ્યાર્થીઓ નમૂનામાં સમાવિષ્ટ હતા જેમાં ઉચ્ચતર માધ્યમિક શાળાના સંયુક્ત પરિવારના 157 અને અને મૂળ પરિવારના 168 વિદ્યાર્થીઓ હતા. સિદ્ધિ પ્રેરણા કસોટી પર ઉચ્ચતર માધ્યમિક શાળાના સંયુક્ત પરિવારના વિદ્યાર્થીઓના પ્રાપ્તાંકોની સરાસરીનું મૂલ્ય અનુક્રમે 27.88 અને 28.16 જોવા મળ્યું હતું. સિદ્ધિ પ્રેરણા કસોટી પર ઉચ્ચતર માધ્યમિક શાળાના મૂળ પરિવારના વિદ્યાર્થીઓના પ્રાપ્તાંકોના પ્રમાણ વિચલનનું મૂલ્ય અનુક્રમે 3.691 અને 3.885 જોવા મળ્યું હતું. ઉચ્ચતર માધ્યમિક શાળાના સંયુક્ત પરિવારના વિદ્યાર્થીઓ અને મૂળ પરિવારના વિદ્યાર્થીઓ દ્વારા સ્વ-સંકલ્પના માપદંડ પર મેળવેલા સરેરાશાંકોના ટી-ગુણોત્તરનું મૂલ્ય 0.66 જોવા મળ્યું હતું. જે એક પણ કક્ષાએ સાર્થક નથી. તેથી સ્પષ્ટ છે કે ઉચ્ચતર માધ્યમિક શાળાના સંયુક્ત પરિવારના વિદ્યાર્થીઓ અને મૂળ પરિવારના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા કસોટી પર તેમના કુટુંબ પ્રકારની અસર જોવા મળી ન હતી. આથી, કહી શકાય કે ઉચ્ચતર માધ્યમિક શાળાના મૂળ પરિવારના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા અને સંયુક્ત પરિવારના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા લગભગ સમાન મળી હતી.

શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેનો સંબંધ

ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેનો સંબંધ તપાસવા માટે ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા પર મેળવેલ પ્રાપ્તાંકો અને SSCની પરીક્ષામાં મેળવેલ શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકોની વચ્ચે પિયર્સન (r) સહસંબંધાકની ગણતરી કરવામાં આવી. ઉત્કલ્પના ચકાસણીનો સારાંશ સારણી 3 માં આપવામાં આવેલ છે.

**સારણી 3**

**ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા અને SSCની પરીક્ષામાં મેળવેલ શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચેનો સહસંબંધ**

| ચલ | પાત્રોની સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | સહસંબંધાક | સાર્થકતા સ્તર |
|---|---|---|---|---|---|
| શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા | 325 | 28.02 | 3.789 | 0.40 | 0.01 |
| શૈક્ષણિક સિદ્ધિ | 325 | 67.04 | 11.800 | | |

સારણી 3 થી સ્પષ્ટ છે કે સિદ્ધિ પ્રેરણા અને શૈક્ષણિક સિદ્ધિ પર પ્રતિચાર આપનાર વિદ્યાર્થીઓની કુલ સંખ્યા 325 હતી. ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણ વિચલનનું મૂલ્ય ક્રમશઃ 28.02 અને 3.789 હતું. તેવી જ રીતે ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા શૈક્ષણિક સિદ્ધિ પર મેળવેલ સરાસરી અને પ્રમાણ વિચલનનું મૂલ્ય ક્રમશઃ 67.04 અને 11.800 હતું. બંને વચ્ચેના સહસંબંધનું મૂલ્ય 0.40 હતું જે 0.01 સ્તર પર સાર્થક છે. એટલે કે ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના સિદ્ધિ પ્રેરણા અને શૈક્ષણિક સિદ્ધિ પરના મેળવેલ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક હકારાત્મક સહસંબંધ છે.

## ફલિતાર્થ

અભ્યાસના પરિણામ સ્વરૂપે શાળા પ્રકારની બાબતમાં ઉચ્ચતર માધ્યમિક શાળાની સરકારી માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ કરતાં ખાનગી શાળાના વિદ્યાર્થીઓ સિદ્ધિ પ્રેરણાની બાબતમાં ચડિયાતા જોવા મળ્યા હતા. તેવી જ રીતે કુટુંબ પ્રકારની બાબતમાં કહી શકાય કે ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણામાં સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો. અંતિમ હેતુ એટલે શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણા અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે હકારાત્મક સાર્થક સહસંબંધ જોવા મળ્યો હતો. તેથી શાળા પ્રકાર અને કુટુંબ પ્રકારની અસર ને ટાળવા માટે જરૂરી છે કે સિદ્ધિ પ્રેરણા વિકાસ સંબંધિત તાલીમી કાર્યક્રમોમાં કુમારો તેમજ ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓ તરફ વિશેષ ધ્યાન આપવાની જરૂર છે.

સંદર્ભ સાહિત્ય


1. ગજેરા, એસ. આર.(2005). *સામાન્ય વિદ્યાર્થીઓની તુલનામાં મૂક-બધિર વિદ્યાર્થીઓનું અનુકૂલન, સિદ્ધિપ્રેરણા, જિજ્ઞાસા અને હતાશાનો અભ્યાસ.* અપ્રકાશિત પીએચ. ડી. મહાનિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી: રાજકોટ. Retrived from:http://etheses.saurashtrauniversity.edu on 19th August, 2019.
2. દેસાઇ, ડી. બી. અને ત્રિવેદી આર.ડી.(1971). *સિદ્ધિપ્રેરણા : વિચાર પ્રવેશ બિરાદરી,* એમ.બી. પટેલ કૉલેજ ઓફ એજ્યુકેશ, વલ્લભવિદ્યાનગર, પૃ. 1 થી 17.
3. બેનરજી, એસ.પી.(2014). *પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની સિદ્ધિપ્રેરણાનો અભ્યાસ.* અપ્રકાશિત મહા શોધનિબંધ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
4. વૈષ્ણવ, બી. પી. (2011). *શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિ પ્રેરણા કાર્યસંતોષ અને માનસિક તણાવ.* અપ્રકાશિત પીએચ. ડી. મહાનિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
5. McClelland, D.C. (1961). *The Achieving Society.* New York: Appletom Century-Crofts, P- 80.
6. McClelland, D. C., Atkinson J.W., Clark R.A. and Lowell E.L. (1961). *The Achievement Motive.* New York: Appletom Century-Crofts, p-67.